જિલ્લામાંથી સાતમ-આઠમે જુગાર રમતા ૬૦ ઝડપાયા

શેરથા, મોતીપુરા-સાદરા, સેક્ટર-૨૪ અને કલોલ શહેર તાલુકામાં પોલીસના દરોડા : ૧.૭૨ લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં સાતમ-આઠમે જુગાર રમતા ૬૦ શકુનીઓ પોલીસના સકંજામાં આવી ગયા હતા. અલગ-અલગ સ્થળોએ દરોડા પાડીને ગાંધીનગર પોલીસે કુલ રૂ. ૧.૭૨ લાખના મુદ્દામાલ સાથે ૬૦ જુગારીઓની બે દિવસમાં ધરપકડ કરી છે. જેમાં કલોલ શહેર અને તાલુકા પોલીસે અલગ-અલગ સ્થળોએ દરોડા પાડીને ૪૦ જુગારીઓને પકડ્યા હતા.

ગાંધીનગર જિલ્લામાં શ્રાવણીયા જુગાર માટે ખાસ કહેવાતા બે દિવસો સાતમ-આઠમના દિવસે ઠેર-ઠેર જુગારની રંગત ખેલીઓએ માણી હતી. ગાંધીનગર જિલ્લાની પોલીસે અલગ-અલગ સ્થળોએ દરોડા પાડીને કેટલાક જુગારીઓ પણ પકડ્યા છે. કલોલ શહેર અને કલોલ તાલુકા પોલીસે બે દિવસમાં ૬૭ હજારનો મુદ્દામાલ જપ્ત કરીને ૪૦ જુગારીઓને ઝડપી પાડ્યા છે. જ્યારે અડાલજ પોલીસે શેરથા ગામે દરોડો પાડીને રૂ. ૭૪,૪૫૦ ના મુદ્દામાલ સાથે ૧૩ જુગારીઓને પકડી લીધા છે. ચિલોડા પોલીસે મોતીપુરા-સાદરા ગામે દરોડો પાડીને રૂ. ૧૪,૦૬૦ ના મુદ્દામાલ સાથે ત્રણ જુગારીઓની ધરપકડ કરી છે. જ્યારે સે. ૨૧ પોલીસે સે. ૨૪ ઈન્દીરાનગર વિસ્તારમાંથી રૂ. ૧૫ હજારના મુદ્દામાલ સાથે ચારને ઝડપી લીધા છે. ગાંધીનગર જિલ્લામાંથી શાતમ-આઠમનો જુગાર રમી રહેલી ૬૦ જુગારીઓ રૂ. ૧.૭૨ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયા છે.

બે દરોડામાં બાપ દિકરા સાથે જુગાર રમતા પકડાયા

ગાંધીનગર શહેરના સે. ૨૪ ઈન્દીરાનગર વિસ્તારમાં સે. ૨૧ પોલીસે બાતમીને આધારે પાડેલી રેડમાં ચાર જુગારીઓ ઝડપાયા હતા. જેમાં બે શખ્સો તો બાપ-દિકરો જ હોવાનું ખુલ્યુ હતુ. જ્યારે કલોલ તાલુકા પોલીસે પાડેલી એક રેડમાં પણ બાપ-દિકરો જોડે જુગાર રમતા પકડાયા હોવાનું બહાર આવ્યું છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

જન્માષ્ટમી નિમિત્તે ડભોડીયા હનુમાન મંદિરે શ્રદ્ધાળુઓનું ઘોડાપુર ઉમટ્યું

ગાંધીનગર તાલુકાના સુપ્રસિદ્ધ ડભોડિયા હનુમાનજી મંદિરે દર વર્ષે ઉજવાતો જન્માષ્ટમી કૃષ્ણમહોત્સવમાં મોટી સંખ્યામાં વહેલી સવારથી દર્શનાર્થીઓ આવીને દાદાના ચરણે આવી ઉમંગ અને ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે મંદિર દ્વારા ભગવાન કૃષ્ણનો ખૂબ કલાત્મક હિંડોળાના દર્શન કરી ભક્તજનોએ ધન્યતા અનુભવી હતી. જ્યારે દર નિયમિત હનુમાનજીના મંદિરે પધારતા ભક્તજનો મોટી સંખ્યામાં આવી હનુમાન ચાલીસા દ્વારા અર્ચના-પૂજા કરી અનોખી ભક્તિથી ભાવવિભોર બન્યા હતા. આ પ્રસંગે ડભોડા ખાતે ૫૦ હજારથી વધુ ભક્તજનો આવી જન્મોત્સવ ઉજવવા તલપાપડ બન્યા હતા.

શાહપુરબ્રિજ પાસે થયેલી લૂંટનો ભેદ ઉકેલાયો : પાંચની ધરપકડ

ચિલોડા, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના શાહપુર ગામના ગાંધીનગરથી નોકરી કરી પોતાની મોટરસાઈકલ પર ઘરે જઈ રહ્યા હતા ત્યારે ૧૫-૭-૨૦૧૩ની રાત્રે ૧૨.૩૦ વાગ્યાના સમયે શાહપુરબ્રિજ પાસે હિમાંશુ કચરાજી સોલંકી તથા લાલાભાઈ ભીખાભાઈ પટેલ બંને સાથે ઘરે જતાં હતાં ત્યારે મોડીરાત્રે વાહન લઈને કેટલાંક અજાણ્યા ઈસમો આવી રાત્રે ઝઘડો કરી મારામારી કરી હિમાંશુ સોલંકીના ખિસ્સામાંથી રોકડા રૂ. ૪૦૦ તથા સેમસંગ કંપનીનો મોબાઈલ તથા લાલાભાઈ પટેલના ખિસ્સામાંથી રૂ. ૨૭૦૦ રોકડા તેમજ હીરોહોન્ડા મોટર સાઈકલ નં. જીજે-૧૮-એ-ક્યુ-૩૨૮૧ની લૂંટ કરી ભાગી ગયા હતા.

આ અંગે લૂંટ અને મારામારી અંગે હિમાંશુ કચરાજી સોલંકીની ફરિયાદના આધારે ડભોડા પોલીસે ઝીણવટભરી તપાસ આરંભી હતી. ત્યારબાદ મોબાઈ ચેક કરતાં આરોપી વિજયજી કેશાજી રહે. અમદાવાદનું લોકેશન મળતાં તપાસના અંતે પકડીને લાવતાં મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયો હતો. ત્યારબાજ પાંચ આરોપીમાં

સિદ્ધરાજ હરીસિંહ સીસોદિયા - અમરાઈવાડી, અમદાવાદ. હર્ષકુમાર ગોપાલભાઈ આહીર - બારેજડી, અમદાવાદ. મિતેષ અશોકભાઈ પંચાલ -અમરાઈવાડી, ગણેશભાઈ દેવેન્દ્રસિંહ જાડેજા, જશોદાનગર, અમદાવાદ વગેરે આરોપીઓને પોલીસ મથકે લાવી સઘન પુછપરછ કરતાં ગુનો આચર્યો હોવાની કબૂલાત કરી હતી. જ્યારે ફરીયાદ હિમાંશુ સોલંકીએ આરોપીને મામલતદાર સમક્ષ ઓળખી બતાવ્યો હતો. આ બનાવમાં ફરિયાદી અને આરોપી સિદ્ધરાજસિંહ સાથે ઝપાઝપીમાં શર્ટ મળી આવ્યો હતો. જ્યારે આરોપી વિજયસિંહ પાસેથી મોબાઈલ તથા મોટરસાઈકલ જે રાધનપુર ખાતે પડેલી બિનવારસી ચોરાયેલી મોટરસાઈકલ મળી આવી હોવાનું જાણવા મળે છે. આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહીમાં રીમાન્ડ લેવાની તજવીજ હાથ ધરી છે. એક શકમંદ આરોપી નામે મણીનગર રહેતો હગ્નેશને પકડવાની પોલીસ વધુ તપાસ આરંભી રહી છે.

સે. ૪માં બંધ મકાનનો નકુચો તોડીને સવા લાખના દાગીનાની ઘરફોડ

મકાનમાલીક પરિવાર સાથે ચાર દિવસ બહાર ગામ ગયા હતા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરના સેક્ટર-૪ ખાતે રહેતુ પરિવાર મકાન બંધ કરીને રજાઓ માણવા બહારગામ ગયુ હતુ. તે અરસામાં તસ્કરો તેમના બંધ મકાનને નિશાન બનાવીને મકાનનો નકુચો તોડી અંદરથી સવા લાખ રૂપિયાની કિંમતના સોના-ચાંદીના દાગીનાની ઘરફોડ કરી ફરાર થઈ ગયા હતા. મકાનમાલીકની ફરીયાદને આધારે સે. ૭ પોલીસે ગુનો દાખલ કરીને ઘરફોડીયાને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

ગાંધીનગરના સેક્ટર-૪-ડી પ્લોટ નં. ૯૭૨/૧માં રહેતા રાજુભાઈ ઠાકર તેમના પરિવાર સાથે રજાઓ માણવા મકાનને તાળુ મારીને ૨૪મી ઓગષ્ટે બહારગામ ગયા હતા. ૨૮મી ઓગષ્ટે ચાર દિવસ બાદ ઘરે પરત ફર્યા ત્યારે જોયુ તો તેમના મકાનના દરવાજાનો નકુચો તુટેલો હતો. તેમના મકાનમાં તિજોરીનો સામાન વેર-વિખેર હતો. ચાર દિવસના સમયગાળામાં તસ્કરોએ મકાનનો નકુચો તોડીને તેમાંથી રૂ. ૧.૨૫ લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના ઉઠાવી લીધા હતા. સવા લાખની મત્તાની ઘરફોડ કરીને તસ્કરો ફરાર થઈ ગયા હતા. રાજુભાઈએ પોલીસને જાણ કરતા સે. ૭ પી.એસ.આઈ. વી.યુ. ગડરીયાએ ફિંગરપ્રીન્ટ નિષ્ણાત તથા ડૉગસ્કવોર્ડની મદદ લઈ ઘરફોડીયાને શોધી કાઢવા તપાસ તેજ બનાવી છે.

ગાંધીનગર મુક્તિધામમાં સંત રોહિદાસ અને મેઘમાયાની મૂર્તિઓને પુષ્પાંજલિ અર્પાશે

ગાંધીનગર, તા. ૨૯

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત, ગાંધીનગર અને સહયોગી સંસ્થાઓના સહિયારા પ્રયત્નથી ગાંધીનગર મુક્તિધામમાં સંતશ્રી રોહિદાસ અને શહીદવીર મેઘમાયાની મૂર્તિઓની સ્થાપના તાજેતરમાં કરાઈ છે. જેની પૂજા વિધિ અને પુષ્પાંજલિનો કાર્યક્રમ ૧લી સપ્ટેમ્બરે યોજાશે.

શહેરી વિકાસ મંત્રી નીતિનભાઈ પટેલના સહકારથી ગાંધીનગર મુક્તિધામમાં સંતશ્રી રોહિદાસ અને શહીદવીર મેઘમાયાની મૂર્તિઓનું સ્થાપન ૨૪મી ઓગષ્ટ-૨૦૧૩ના દિવસે કરવામાં આવ્યું છે. મંડળના પદાધિકારીઓ અને પ્રમુખ ભાનુકાન્ત પરમાર, ઉપાધ્યક્ષ આત્મારામ પરમાર, રમણભાઈ શ્રીમાળીના હસ્તે પૂજન વિધિ કરવામાં આવી હતી. અને ૨૫મીએ સવારે ૧૦ કલાકે મૂર્તિ ખુલ્લી મુકવામાં આવી હતી. આ મહાન સંતોની મૂર્તિઓને પુષ્પાંજલિ આપવાનો એક કાર્યક્રમ ૧લી સપ્ટેમ્બર-૨૦૧૩ને રવિવારે સવારે ૧૦ કલાકે મુક્તિધામ ખાતે યોજવામાં આવ્યો છે. સંસ્થાના સભ્યોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા ખાસ જણાવ્યું છે.

સેક્ટર-૭/એ ખાતે તેજસ ગાંધી દ્વારા જન્માષ્ટમીનાં તહેવાર નિમિત્તે મટકી ફોડ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા.

ચિલોડા સર્કલ નજીક પાંચ બોટલ વિદેશી દારૂ સાથે ચાર ઝડપાયા

ચિલોડા, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના ચિલોડા સર્કલ નજીક વાહન ચેકીંગ દરમ્યાન વિદેશી દારૂની પાંચ બોટલ સાથે ચાર ઈસમોને પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસ દ્વારા ચાર શખ્સો દ્વારા પ્રોહિબિશન ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ચિલોડા સર્કલ પાસે ચાર શખ્સો ગેરકાયદેસર તથા પરમીટ વગરનો પરપ્રાંતિય વિદેશી દારૂ પાંચ બોટલો કિંમત ૧૬૦૦ રૂ. તથા મોબાઈલ કિંમત ૬૫૦૦ સાથેનો મુદ્દામાલ શખ્સો દ્વારા પોલીસના હાથે લાગ્યો હતો. જેમાં પાર્થ રમેશભાઈ સાગરા રહે. ગુમાનગર, અમદાવાદ, સોનુ સુરેશભાઈ શર્મા, રહે. પીંપળજ અમદાવાદ, મહેન્દ્રભાઈ પ્રકાશભાઈ રામદેવશર્મા રહે. પીંપળજ, અમદાવાદ, મૃણાલ રમેશભાઈ સાગરા ગુમાનગર અમદાવાદ વગેરે શખ્સો સામે પ્રોહિબિશનનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સાદરા તાબા હેઠળના મોતીપુરા ગામની સીમમાંથી જુગાર રમતા ત્રણ નબીરા ઝડપાયા

ગાંધીનગર તાલુકાના સાદરા તાબા હેઠળના મોતીપુરા ગામની સીમમાં આઠમનો જુગાર રમતા ત્રણ નબીરાને ચિલોડા પોલીસે રંગેહાથ ઝડપી પાડ્યા હતા. જેમાં મોતીપુરા ગામના રણજીતસિંહ સરદારસિંહ મકવાણા, કનુભાઈ ભીખાભાઈ પટેલ તથા મુકેશભાઈ પશાભાઈ પટેલ વગેરે શખ્સો તીન પત્તીનો જુગાર ખેલતા રોકડ રૂ. ૩૦૨૦ તથા સ્થળ જડતી લેતાં રૂ. ૯૫૪૦ની રકમ ઝડપી લીધી હતી. શખ્સો પાસેથી ત્રણ મોબાઈલ કિંમત રૂ. ૧૫૦૦નો મુદ્દામાલ સહિત કુલ ૧૪૦,૬૦ની મત્તા ઝડપી લઈને ગ્લેમ્બરીંગનો ગુનો નોંધી અ.હે.કો. શકરાજીએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઘ-૫ થી પેથાપુર માર્ગ સુધી બંધ રહેતી સ્ટ્રીટલાઈટો બંધ રહેતા નાગરિકો પરેશાન

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરના હાર્ટ સમા વિસ્તાર એવા ઘ-૫ વિસ્તારથી લઈ પેથાપુર ચાર રસ્તા સુધીના માર્ગ ઉપરની રોડ લાઈટો અવારનવાર બંધ રહેવાથી પસાર થતા વાહનો તેમજ રાત્રી દરમ્યાન રોડ ઉપર બેસી રહેતી ગાયોના કારણે પસાર થતા વાહન ચાલકો હેરાન પરેસાન થઈ રહ્યા છે.

ઘ-૫ થી લઈ ચરેડી ચાર રસ્તા સુધી રોડ સાઈડ લાઈટો નાંખવામાં આવી છે. પરંતુ ઘણી લાઈટ બંધ તેમજ ઘણી ખરી લાઈટો અવારનવાર ચાલુ રહેતી હોય છે. તેમજ પેથાપુર ચાર રસ્તા ઉપર આવેલ હાઈ માસ્ક ટાવરની લાઈટો પણ અવારનવાર બંધ રહેતા આ ઘ માર્ગ ઉપરથી પસાર થતા વાહનોના ચાલકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. આજ માર્ગ ઉપર પણ રખડતા પશુઓનો પણ ત્રાસ વધારે છે. લાઈટો બંધ હોવાથી રોડ ઉપર વચ્ચોવચ બેઠેલા પશુઓ દેખાતા નથી. આથી અવારનવાર અકસ્માતો પણ બનતા હોય છે. તેમજ ઘણાબધા નિર્દોષ લોકોનો પણ ભોગ લેવાઈ ગયો છે. આથી સત્વરે તંત્ર દ્વારા રોડ લાઈટોનું કામ હાથ ધરી કાર્યવાહી થાય તેમ રોજીંદા પસાર થતા વાહનચાલકો તેમજ સ્થાનિકોની પણ માંગ ઉઠવા પામી છે.

નિકી મેટરનીટી હોમ દ્વારા રક્તદાન અને મફત નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના નિકી મેટરનીટી હોમ દ્વારા તા. ૧લી સપ્ટેમ્બર-૨૦૧૩ને રવિવારે સેક્ટર-૨૯, ગાંધીનગર નિકી મેટરનીટી હોમ ખાતે ૨૫મો મફત નિદાન કેમ્પ અને રક્તદાન શિબિર સવારે ૯ થી ૧ કલાકે યોજાશે.

મફત નિદાન કેમ્પમાં હાડકામાં કેલ્શીયમનું પ્રમાણ માપવા માટે, લોહીમાં હિમોગ્લોબીન ટેસ્ટ, બ્લડસુગર ડાયાબિટીસ માટે તથા વજન વધારાની સમસ્યા માટે નિષ્ણાંત ડૉક્ટર અને ડાયેટીશીયન દ્વારા સલાહ, ડેન્ટલ ચેક અપ, વાંકા ચૂંકા દાંતની સારવારના નિષ્ણાંત ડૉ. નિકી રતાણી દ્વારા ખાસ માર્ગદર્શન યોજાશે. આ પ્રસંગે કેન્સરના દર્દીઓના લાભાર્થે બ્લડ ડોનેસન કેમ્પનું આયોજન કરવામાં આવશે. કેમ્પનો લાભ નગરજનોને લેવા ખાસ જણાવાયુ છે.

લાયન્સ અને ઓમ યુથ દ્વારા જન્માષ્ટમી ઉજવાઈ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરના પરિમલ એપાર્ટમેન્ટ ખાતે ખૂષ્ણ જન્મોત્સવ પ્રસંગે બાળકો માટે કૃષ્ણની થીમ આધારીત ડ્રેસ કોમ્પીટીશન અને જન્માષ્ટમી ઉજવણી કરવામાં આવી હતી. લાયન્સ પરિવાર અને ઓમ યુથ સર્કલ સેક્ટર-૭ દ્વારા યોજાયેલા કૃષ્ણ જન્માષ્ટમી પ્રસંગે મોટી સંખ્યામાં બાળકો, નગરજનો અને પ્રબુદ્ધજનો ઉપસ્થિત રહ્યા હતા.

લાયન્સ પરિવાર-ગાંધીનગર અને ઓમ યુથ સર્કલ સે. ૭ દ્વારા પરિમલ એપાર્ટમેન્ટના ગ્રાઉન્ડમાં જન્માષ્ટમીનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. તેમાં ૧ થી ૧૦ વર્ષ સુધીના છોકરાઓની ડ્રેસ કોમ્પીટીશન (કૃષ્ણની થીમ પર) રાખવામાં આવી હતી. ત્યારબાદ છોકરાઓને લાયન્સ પરિવાર દ્વારા સર્ટીફિકેટ તેમજ ઈનામનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ૨૧ ફૂટ ઊંચી મટકી જીત કુનેડા (કરાટેની ટીમ) દ્વારા ફોડવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીનગરના મેયર મહેન્દ્રસિંહ રાણા, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ગાંધીનગરના અશોકભાઈ પટેલ, સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન આશિષ દવે, ડેપ્યુટી મેયર સુભાષ પાંડવ તેમજ કોંગ્રેસના અગ્રણી જુગાજી ઠાકોર પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ કરવા પરિમલ એપાર્ટમેન્ટના પ્રમુખ તેમજ સભ્યોએ લાયન પ્રમુખ રૂચિર ભટ્ટ, લાયોનેસ પ્રમુખ આરતીબેન ભટ્ટ, લીઓ પ્રમુખ રાજેશ ગોડા તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમના ચેમરેનના લીઓ મનીષ આ અંગે ભારે જહેમત ઉઠાવી હતી.

જેસીઆઈ અને જયશ્રી કૃષ્ણ પરિવાર દ્વારા જન્માષ્ટમીની ભાવપૂર્વક ઉજવણી

ગાંધીનગર, તા. ૨૯

જેસીઆઈ ગાંધીનગર અને જય શ્રીકૃષ્ણ પરિવાર, સેક્ટર-૨૯ દ્વારા સંયુક્ત રીતે શ્રી કૃષ્ણ જન્મોત્સવની અત્યંત ભક્તિમય વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી. ઓરકેસ્ટ્રાના તાલે સૌ મન મુકીને ગરબે ઘુમ્યા હતા. દહીં હાંડી વખતે લોકોનો રોમાંચ અને ઉત્સાહ ઉડીને આંખે વળગતો હતો. દહીં હાંડી ફોડતા સાથે જ લોકોએ 'શ્રીકૃષ્ણ કનૈયા લાલ કી જય'ના નાદ સાથે વાતાવરણ ગજવી દીધુ હતુ. આ પાવન પ્રસંગને શ્રી કૃષ્ણકાન્ત જહા, શ્રી કમલ કિશોર જૈન, શ્રી સતિષ પટેલ, શ્રીમતી ગીરાબેન પટેલ, શ્રી નિમેષ રાવલ, શ્રીમતી મમતા રાવલ, શ્રી મેહુલ પટેલ, શ્રી જગત કારાણી અને શ્રી જી.એન. વેકરીયા ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર આયોજનને સફળ સ્વરૂપ આપવામાં જયશ્રી કૃષ્ણ પરિવાર ટીમ અને જેસીઆઈ ટીમનો નોંધનીય ફાળો હતો. સમગ્ર આયોજનમા સહકાર બદલ જેસીઆઈ પ્રમુખ કેતન નિર્મલ અને પ્રોજેક્ટ ચેરમેન પદમસિંહ ચૌહાણે સૌનો આભાર માન્યો હતો.



આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૫
સૂર્યાસ્ત : ૬.૫૪

તાપમાન

મહત્તમ : ૩૩.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૫ ટકા ● સાંજે ૬૫ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૯.૩૦, ૨.૪૫, ૭.૪૫
ધ કૉન્જુરીંગ : ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૪૫

: સ્ક્રીન-૨ :
સત્યાગ્રહ : ૯.૦૦, ૧૨.૦૦ ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૩ :
સત્યાગ્રહઃ ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :
મદ્રાસ કાફે : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૧૫

સૂર્યા, વાવોલ

સત્યાગ્રહ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વોન્ટેડ ચાઈલ્ડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
સત્યાગ્રહ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
મદ્રાસ કાફે : ૧૦.૦૦, ૧.૦૦, ૭.૦૦
સત્યાગ્રહ : ૪.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
સત્યાગ્રહ : ૧૧.૦૦, ૮.૧૫, ૧૧.૦૦
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૨.૦૦
મુંબઈ અગેઈન : ૫.૦૦

ચિરાગ, કલોલ

મા બાપના આશીર્વાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ધાર્મિક

- શ્રી શિવ-શક્તિ મહિમ્ન સ્ત્રોત મંડળ સેક્ટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત અંબાજી માતાના ચોકમાં, પ્રાથમિક શાળાની સામે કેટેગરીની વસાહતમાં સેક્ટર-૨૩ ખાતે શિવ મહિમ્ન પાઠ તથા સ્તુતિ વંદના.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેક્ટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે સુહાગભાઈ જાની ,પ્લોટ નં. ૫૦૫/૨, વિરાટનગર ખાતે શિવ મહિમ્ન પાઠ અને સ્તૃતિ વંદના સાથે ઉજવાશે.

આપની આજ

મેષ : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. પ્રેમ સંબંધોમાં સફળતા મળશે. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. વેપાર ક્ષેત્રે ભાગીદારીમાં સંભાળવું. વડીલોનું માર્ગદર્શન કાર્યક્ષેત્રે ઉપયોગી સાબિત થઈ શકે છે.

વૃષભ : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં પ્રગતિ થશે. ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય. કુટુંબીજનો સાથે આનંદમયરીતે સમય પસાર થઈ શકે છે. સમય શુભ.

મિથુન : માનસિક શાંતિ જાળવી રાખવી. માનસિક શાંતિ જાળવી રાખવી. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વાહન - જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે. સમય સાનુકૂળ.

કર્ક : સગા સંબંધીઓથી મુલાકાત થશે. ભૌતિક સુખ- સુવિધામાં વધારો થઈ શકે છે. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે. સમય શુભ.

સિંહ : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ છે. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. નવા સંબંધ બની શકશે.

કન્યા : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. સંતાન સંબંધી પ્રશ્નોના ઉકેલ આવી શકે છે. દિવસ શાંતિથી પસાર કરવો.

તુલા : કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. નોકરી - વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી નીવડી શકે છે. કૌટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે. સમય શુભ.

વૃશ્ચિક : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે. સમય શુભ.

ધન : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ, સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણો થઈ શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય.

મકર : તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરીશકશો. સ્થાયી સંપતિ મળવાનો યોગ છે. સામાજિક જવાબદારી હળવી બનતી જણાય.

કુંભ : વિશેષ કાર્ય માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થશે. જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. વેપાર, કુટુંબમાં શુભકાર્યો થઈ શકશે. દિવસ આનંદમયરીતે પસાર થઈ શકે છે.

મીન : ગ્રાહકોથી મધુર સંબંધ બનશે. આવકના સ્ત્રોતમાં ભાગ્યવર્ધક વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્જ સંબંધી કાર્યોમાં લાભ, વિશેષ, ધાર્મિક મહત્વનાં કાર્યોમાં સમય પસાર થશે.

ચિરવિદાય

- સ્વ. રવિન્દ્રભાઈ નવનીતરાય ભટ્ટ (ઉ.વ. ૫૮) ૬૫, સંકલ્પ રૉયલ, મુ.પો. વાવોલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. પ્રેમલત્તા અશોકકુમાર શોભતી (ઉ.વ. ૬૫) પ્લોટ નં. ૧૭૧, સેક્ટર-૨૧, ગાંધીનગર.